# લિખિત મુનિનું પ્રમાણિકપણું

– સુરેખા અમૃત ચૌધરી

શંખ અને લિખિત નામના બે મુનિ હતા. બંને સગા ભાઈ હતા. તે બન્ને જણ જુદા જુદા આશ્રમ બાંધી રહેતા હતા અને ભગવાનનું ભજન કરતા હતા. એ બન્ને મુનિઓ ધર્મશાસ્ત્રના જ્ઞાતા હોવાથી ભારે વિદ્વાન હતા. એમણે સ્મૃતિઓ રચી છે. શંખ મુનિ મોટા ભાઈ હતા અને લિખિત મુનિ નાના ભાઈ હતા. એક વખત લિખિત મુનિ પોતાના વડીલ ભાઈ શંખને મળવા માટે તેમના આશ્રમે ગયા. શંખ મુનિ તે વખતે વનમાં ગયા હતા. લિખિત મુનિ ભૂખ્યા થયા હતા. તેમણે પોતાના મોટાભાઈના આશ્રમનાં વૃક્ષોમાંના એક વૃક્ષ પરથી એક પાકું ફળ તોડયું અને ખાવા માંડયું. એટલામાં શંખ મુનિ આવ્યા. પોતાના નાના ભાઈને આવેલા જોઈ તેઓ ખુશ થયા, પણ લિખિત મુનિના હાથમાં ફળ જોઈ તેમને દુ:ખ થયું. તે જાણે પૂછ્યું : ‘લિખિત ! આ ફળ તમને ક્યાંથી મળ્યું ?’

લિખિત મુનિએ કહ્યું : ‘ભાઈ ! આ તો મેં આપના આશ્રમના ઝાડ પરથી તોડયું છે.’

શંખ મુનિ બોલ્યા : ‘જો કોઈ માણસ કોઈની કાંઈ પણ વસ્તુ તેને પૂછયા વગર લઈ લે, તો તેને શું કહીશું ?’

‘લિખિતે કહ્યું, ‘તેને ચોરી કહેવાય.’

શંખે પછી પૂછ્યું : ‘કોઈ ચોરી કરે તો તે વ્યક્તિએ શું કરવું જોઈએ ?


લિખિત બોલ્યા : ‘તેણે રાજા પાસે જઈ પોતે કરેલું પાપ જાહેર કરી, તે રાજા પાસેથી જે સજા મળે તે ભોગવવી જોઈએ. દંડ ભોગવવાથી પાપને લીધે થતા દોષથી તે શુદ્ધ થઈ જાય છે. જો તે આ લોકમાં પાપનો દંડ ન ભોગવી લે, તો પછીય યમરાજના દૂતો તેને પકડીને નરકમાં લઈ જાય છે અને ઘણું દુ:ખ આપે.

શંખ મુનિએ કહ્યું : ‘તમે મને પૂછયા સિવાય મારા આશ્રમના ઝાડ પરથી ફળ તોડી લઈ ચોરીનું પાપ કર્યું છે. હવે તમે રાજા પાસે જઈ આ પાપની સજા સ્વીકારી લો અને પછી અહીં આવજો.’

લિખિત મુનિ ત્યાંથી રાજા પાસે પહોંચ્યા. રાજા તેમને પ્રણામ કરી તેમનું સ્વાગત કરવા લાગ્યો. પણ લિખિત મુનિએ રાજાને પોતાનો સત્કાર કરવા ન દીધો તેમણે પોતાને હાથે થયેલો ગુનો રાજાને જણાવીને કહ્યું : 'આપ મને દંડ આપો.'

રાજાએ કહ્યું : 'રાજા જેવી રીતે દંડ આપે છે, તેવી રીતે ક્ષમા પણ આપી શકે છે. હું આપને આ અપરાધ માટે ક્ષમા આપું છું.'

લિખિત મુનિ બોલ્યા : 'ધર્મશાસ્ત્રના નિયમ મુનિઓ બનાવે છે. રાજાએ પ્રજા પાસે તે નિયમો પળાવવા જોઈએ. હું તમારી પાસે ક્ષમા યાચના માટે આવ્યો નથી, દંડ લેવા માટે આવ્યો છું. મારા મોટા ભાઈએ મારા પરના વાત્સલ્યથી કર્તવ્ય સુઝાડી મને અહીં મોકલ્યો છે. મારા ગુનાની મને શિક્ષા કરો.



રાજાને મુનિના આગ્રહને વશ થવું પડયું. તે જમાનામાં ચોરીના ગુના માટે ચોરના બન્ને હાથો કાપી નાખવામાં આવતા. રાજાની આજ્ઞાથી જલ્લાદે મુનિના બન્ને હાથ કાપી નાખ્યા. હાથ કપાઈ જવાથી મુનિને કાંઈ દુઃખ થયું નહિ. તે આનંદથી શંખ મુનિના આશ્રમે પાછા ફર્યા અને બોલ્યા : 'ભાઈ, હું મારા ગુનાની સજા ભોગવી આવ્યો.'

શંખ મુનિ નાના ભાઈને વહાલથી છાતીએ લગાડી ભેટ્યા અને કહ્યું : 'તમે ઘણું સારું કર્યું. આવો, હવે આપણે સ્નાન કરીને મધ્યાહ્ન પ્રાર્થના કરીએ.'

નદીમાં સ્નાન કરીને જ્યારે તર્પણ કરવા માટે લિખિત મુનિએ કપાયેલા હાથ આગળ કર્યા, ત્યારે તુરત તેમને નવા હાથ નીકળી આવ્યા. તેઓ સમજી ગયા કે આ તેમના મોટા ભાઈની કૃપાનું ફળ છે. તેમણે અત્યંત નમ્રભાવે પૂછ્યું : 'ભાઈ, મારા હાથ જો તમે પાછા આપવાના જ હતા, તો તમે મારા હાથ અહીંયાં જ કેમ કાપી ન નાખ્યા ?'

શંખ મુનિ બોલ્યા : 'દંડ દેવો એ રાજાનો અધિકાર છે. બીજો કોઈ દંડ આપે તો તેને પાપ લાગે. પણ અનુગ્રહ કરવાનું તો સર્વને માટે હંમેશાં શ્રેષ્ઠ જ છે. તેથી તમારા પર અનુગ્રહ કરીને મેં તમારા હાથ સાજા કરી દીધા.'

– 'મહાપુરુષોના બોધક જીવન પ્રસંગો' માંથી સાભાર

■